# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

ખાયકી-કૌભાંડોના ભવાડાની બીક લાગે છે,
ચૂંટણી આવે ત્યારે જ સૂતેલા નેતા જાગે છે,
ભાગે છે જવાબદારીથી 'સંવાદ' કરી ને -
ત્રણ વર્ષે, હવે - 'વચનો'નો હિસાબ માગે છે.
(કોંગ્રેસ પક્ષ-સરકાર 'સંવાદ' બેઠક)

**હાઇકુ**

નામ બદલો!
'રામ' નહીં 'રાવણ'
જેઠમલાણી..
(મને 'રામ' નથી ગમતા!)

ખોલે છે પોલ!
પોલી લોકશાહીની -
કેજરીવાલ!
(કાળા નાયકોની યાદી)

## ચિંતન

**બાલ સખિત્વમકારણ હાસ્યં સ્ત્રીષુ વિવાદમજ્જન સેવા ।**
**ગર્દભ યાનમ્ સંસ્કૃતવાણી ષટસુ નરો લઘુતામુપયાતિ ॥**

'બાળક સાથે કે બાળબુધ્ધિ ધરાવતા સામાન્ય ટૂંકી બુધ્ધિ ધરાવતાં સાથે મિત્રતા રાખવી, વાત વગર-વિના કારણ હસ્યા કરવું, સ્ત્રીઓની સાથે વિના કારણે વાદ-વિવાદ (જીભાજોડી), દુર્જનો સાથે સંગ-સોબત-દોસ્તી, ગધેડાં જેવાં વાહન પર સવારી, અસંસ્કારી-અવિવેકી-ગાળાગાળી જેવી બોલી-ભાષા વાપરવી, આવો લક્ષણોથી માણસની હલકી મનોવૃત્તિનો અંદાજ આવી જાય છે.'

માણસ ધીર-ગંભીર અને બુધ્ધિશાળી છે કે હલકી મનોવૃત્તિવાળો છે એ એનાં લક્ષણ પરથી પરખાય છે અહીં એવા નીચ પ્રકૃતિનાં લક્ષણ આપ્યાં છે.

અક્કલ વગરનાં સામાન્ય જન સાથે મૈત્રી રાખવાથી તેનું મર્યાદિત જ્ઞાન અને સૂઝ-સમજની અસર આપણી વિચારશક્તિ પર થાય છે.

પ્રસંગોપાત ગાંભીર્ય હોવું જરૂરી છે વાત વિના-કારણ વિના હસ્યા કરવું એ મૂર્ખતાનું લક્ષણ છે.

જીભાજોડી, અર્થવગરની વિના કારણ લાંબી-લાંબી, અપ્રસ્તુત વાતો કરવી એ સામાન્યતઃ સ્ત્રીઓનો સ્વભાવ હોય છે. ડાહ્યા માણસો સ્ત્રીઓ સામે ખોટી 'લવરી' કરતા નથી. દુર્જન સાથે મૈત્રી ન કરવી. વિવેકી ભાષા વાપરવી.

## સુવિચાર

- જગતમાં પાપ જેવું કંઇ છે જ નહીં, તે કેવળ મનુષ્યના દૃષ્ટિકોણની વિષમતાનું બીજું નામ છે - **ભગવતીચરણ વર્મા**
- આપણે નથી કરતા પાપ કે નથી કરતા પુણ્ય આપણે સૌ પરિસ્થિતિનાં પ્યાદાં જ છીએ - **એસ.ભટ્ટાચાર્ય**
- જે પાપમાં ફસાઇ જાય તે માનવ છે, પાપ થઇ ગયા પછી પશ્ચાતાપ કરે તે દેવતા છે, પાપ કર્યા પછી પણ તેનું ઘમંડ કરે તે દાનવ છે - **વિક્ટર હ્યુગો**
- આપણે જે કંઇ કુદરતી રીતે કરીએ છીએ તેને માટે આપણે જવાબદાર નથી પણ જે કરવું જોઇએ તે નથી કરતાં તેને માટે આપણે જરૂર જવાબદાર છીએ - **મોલિયર**
- પાપ પ્રારંભમાં પ્રાતકાળ જેવું પ્રફુલ્લિત લાગે છે પરંતુ તેનો અંત અંધકારપૂર્ણ પીડાદાયક છે - **ટાલમેજ**
- પાપની ઘૃણા કરો, પાપીની નહીં - **ગાંધીજી**

## બોધ કથા

ખૂબ સમૃધ્ધિ હોય પણ ફિક્સ અને તિજોરીમાં બંધ પડી હોય તો એવા કરોડો શું કામનાં? એના કરતાં થોડી આવક હોય છતાં દસ ટકા દાન કરી એ આવકનો સંતોષ પામવો શું ખોટો? આજે માણસ સંગ્રહખોર અને 'ખૂબ મળે' એના પાછળ ગાંડો થઇ ગયો છે. શુધ્ધ-સાત્ત્વિક સુલક્ષ્મીની એને પડી નથી..

બે બળદની જોડી હતી. મિત્રો હતા, એક તામસી સ્વભાવનો હતો ગમે તેને શીંગડાં ભરાવે, બીજો સ્વભાવે સાત્ત્વિક હતો, મતભેદ થયા, છૂટા પડી ગયા, તામસી એક ગાઢ જંગલમાં ગયો ત્યાં ખૂબ ગીચ, મથોળાં ભેર ઘાસ હતું. બીજો ગામની નજીક આસપાસ ઝીણું, કુણું સાત્ત્વિક ઘાસ ખાઇ જીવન પસાર કરતો.

એકવાર તામસી પોતાના જૂના મિત્રને નિમંત્રણ આપી પોતાના ઘાસનો ભંડાર બતાવવાનું મન થયું. એનું એને અભિમાન હતું. એના વિસ્તારમાં ગયો.

પેલો તો ખેતર-વાડીના શેઢે ઉગેલું ઝીણું-કુણું ઘાસ ખાતો હતો, તામસી એને મળવા ગયો એની હાલત જોઇ ખૂબ દયા ખાધી, અફસોસ કરવા લાગ્યો. અને પોતાના ક્ષેત્રના ખૂબ વખાણ કર્યા.

પછી સાત્ત્વિક બોલ્યો ભલે મારી પાસે આછું-પાંખું ઘાસ છે પણ તે સાત્ત્વિક અને શુધ્ધ છે તારાં જંગલી ઘાસમાં કોઇ કસ નથી તો ઉપયોગી પણ નથી, મને જંગલમાં તારો ખજાનો જોવા નથી આવતું, અહીં અર્ધો ભૂખ્યો રહીશ પણ આ ખોરાકમાં પરમ શાંતિ-સુખ છે.

# કેશુભાઇ પટેલની ઝુઝારૂ પરિવર્તન યાત્રાનાં પગલે ભારતીય જનતા પાર્ટી (એટલે નરેન્દ્ર મોદી)ના પગ નીચેથી ધરતી સરી જશે, અને ગુજરાતમાં પુનઃ કોંગ્રેસરાજની પધરામણી થશે એવી દહેશત વરતાતાંની સાથે સંઘ સક્રિય થઇ ગયો છે

## સંઘં શરણં ગચ્છામિ...

- કેશુભાઈ દેસાઈ

ડો. કેશવ બલીરામ હેડગેવારે જાહેર જીવનની શરૂઆત કોંગ્રેસના અદના કાર્યકર તરીકે કરી હતી. એમણે હિંદુ જાતિના સમુત્કર્ષ માટે 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ' ની સ્થાપના કરી તે કદાચ સમયની માગ હતી. મુસ્લિમ લીગ જેવી સાંપ્રદાયિક રાજકીય પાર્ટી સામે હિંદુ સમાજનાં હિતોની પ્રવક્તા હોય એવી સંસ્થાની જરૂર ઊભી થઇ અને એ રીતે તથા કથિત 'બિન રાજકીય' હિંદુ સંગઠન અસ્તિત્વમાં આવ્યું. જો કે સંઘ કયારેય રાજકારણથી અલિપ્ત રહ્યો નથી, એ પણ એક જાણીતી હકીકત છે. પ્રથમ વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરૂ ભારતીય જનસંઘને હિંદુ મહાસભા અને રાષ્ટ્રીય સ્વયસેવક સંઘનું અનૌરસ સંતાન કહેતા. જનસંઘનો કાળક્રમે જનતા પાર્ટીમાં વિલય થયો, પરંતુ એની હિંદુ ઓળક ટકાવી રાખવા એણે અટલ બિહારી વાજપેયીના નેતૃત્વ હેઠળ જનતા પાર્ટી સાથે છેડો ફાડીને 'ભારતીય જનતા પાર્ટી' ના નવા બેનર હેઠળ સક્રિય રાજકીય પક્ષની સ્થાપના કરી.

ગુજરાતમાં જનતા પાર્ટીના મૂળ સ્થાપકો અને સંવર્ધકો પૈકીનાં જૂના જોગી કેશુભાઇ દેસાઇ જ આંગળી પકડીને રાજકારણનો કક્કો બપારાખડી શીખેલા વર્તમાન મુખ્યમંત્રી સામે મોરચો માંડ્યો છે. ત્યારે પરિસ્થિતિ કાબૂ બહાર જતી અટકાવવા મોદીએ સંઘનું શરણું લીધું છે. નરેન્દ્ર મોદી સંઘના પ્રચારકમાંથી રાજકારણમાં આવ્યા છે. એમને કેશુભાઇ પટેલના રસોડે તૈયાર ભાણા પર બેસાડી દેવામાં પણ સંઘ અને એની ભગિની સંસ્થાઓનો જ ફાળો હતો. કેશુભાઇ પટેલની ઢીલી નેતાગીરી હેઠળ તે સમયે સાબરમતી અને સાબરકાંઠાની પેટા ચૂંટણીઓમાં ભાજપની હાર થઇ હતી. જિલ્લા પંચાયતોની ચૂંટણીઓમાં ભાજપની હાર થઇ હતી. જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં પણ કોંગ્રેસનો ઝળહળતો વિજય થયો હતો. આથી અકળાયેલી રાષ્ટ્રીય નેતાગીરીને કેશુભાઇ પટેલને મુખ્યમંત્રીપદેથી ખસેડી ગુજરાતની સત્તાનાં સૂત્રો પરિણામ લાવી શકે એવાં મજબૂત હાથમાં સોંપવાનું નક્કી કર્યું ત્યારે વરિષ્ઠ ભાજપી નેતાઓ સ્વ. કાશીરામ રાણા ડો. એ.કે. પટેલ ઉપરાંત પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતાનાં નામો ચર્ચામાં હતા.

એકાએક ચમત્કાર બન્યો અને સિનિયર ત્રિપુટીની લાઇન કાપીને નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી પદને મેન્ડેટ લઇ ગુજરાત આવી પહોંચ્યા હતા! દેખીતું છે કે આવો અપ્રત્યાશિત નિર્ણય સંઘના ઇશારે જ લેવાયો હતો. સંઘની ધાક એવી જડબેસલાક કે તે વખતે ઘણાં બધા વરિષ્ઠ આગેવાનોને આ નામ નહીં ગમ્યું હોવાં છતાં બધાએ મૌન રહેવામાં શ્રેય માન્યું હતું. સંઘ પણ એની સર્વોપરિતા દાખવવાની તક જવા દે ખરો? એનાં વિવિધ સંગઠનો - વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને કિસાન સંઘ નવા સવા બિન અનુભવી મુખ્યમંત્રી પર રોબ જમાવવા લાગ્યાં તે અતિ સ્વમાની નરેન્દ્ર મોદીથી ઝાઝો વખત જીરવી શકાયું નહીં. અને શરૂ થઇ અંદરોઅંદરની છૂપી સાઠમારી.

કુનેહબાજ નરેન્દ્ર મોદીએ સંઘની ચોટલી હાથમાં રાખીને એનાં પેટા સંગઠનોની અવગણના શરૂ કરી દીધી. પોતાને 'હિંદુ હૃદય સમ્રાટ' ગણાવતા વિશ્વ હિંદુ પરિષદનાં આંતરરાષ્ટ્રીય મહામંત્રી ડો. પ્રવીણ તોગડિયા તથા વરિષ્ઠ કિસાન નેતા લાલજીભાઇ પટેલ જેવા કેટલાટ આગેવાનોએ ખુલ્લો વિદ્રોહ કર્યો અને કેશુભાઇ પટેલ સાથે સંકળાયેલા પાયાના કાર્યકરો પણ મોદીની સામે બહાર આવવા લાગ્યા, પરંતુ મોદીએ ત્યાં સુધીમાં સંઘ ઉપરાંત ઉદ્યોગપતિઓ અને બ્યુરોક્રસી પર પકડ જમાવી દીધી હોઇ એમની કારી ફાવી નહીં. સંઘ તો મોદીને ભાવિ વડાપ્રધાન તરીકે જોવા લાગ્યો હતો! એથી જયારે સંજય જોષી જેવા મોદી-વિરોધી પ્રચારક ભાજપનાં રાષ્ટ્રીય મહામંત્રીના પદ પર રહ્યે રહ્યે સત્તાનું સમાંતર કેન્દ્ર બની રહે એવી દહેશત લાગી ત્યારે બનાવટી સીડી કાંડનાં પડછાયા હેઠળ નિર્દોષ હોવા છતાં સંઘે એમને પ્રચારક તરીકેની જવાબદારી પર સતત બોલાવી લીધા હતા. નરેન્દ્ર મોદીની સરખામણીએ સંજય જોષી ઘણા નાના કદના આગેવાન ગણાય. પરંતુ સંગઠન પર ગુજરાતમાં રહીને જમાવેલી એમની પકડનો હાઉ નરેન્દ્ર મોદીને જંપીને બેસવા દેતો ન હતો. એથી જયારે ગડકરીએ એક સમયના એમના 'ગુરૂ' સંજય જોષીને ભાજપમાં પુનઃ સ્થાપિત કર્યા ત્યારે મોદીએ કેન્દ્રીય નેતાગીરી સામે રૂસણાં લીધાં. આખરે એમને ગડકરી સાથે શરતી સમાધાન કર્યું અને ક્રિકેટના દડાની જેમ સંજય જોષીને દિલ્હીની હદમાં દૂર ફંગોળી દેવાયા. સંઘને અલબત્ત, મોદીનું આવું વર્તન કઠ્યું જ હોય, પરંતુ સંઘના વડા મોહન ભાગવત ખૂબ જ વહેવારૂ માણસ છે.

મોદીએ કદાચ સંઘના 'કમાઇ દીકરા'નું કદ હાંસલ કરી દીધું છે, એ પણ હવે કોણ નથી જાણતું? એથી જયારે ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના જ દિવસ બાકી રહ્યા છે ત્યારે કેશુભાઇ પટેલની ઝુઝારૂ પરિવર્તન યાત્રાનાં પગલે ભારતીય જનતા પાર્ટી (એટલે નરેન્દ્ર મોદી)ના પગ નીચેથી ધરતી સરી જશે, અને ગુજરાતમાં પુનઃ કોંગ્રેસરાજની પધરામણી થશે એવી દહેશત વરતાતાંની સાથે સંઘ સક્રિય થઇ ગયો છે.

પહેલ અલબત્ત, નરેન્દ્ર મોદીએ કરી છે. એ નવરાત્રીના નકોરડા ઉપવાસ હોવા છતાં નાગપુર દોડી ગયા હતા, તે શું સૂચન નથી? મોહન ભાગવત નરેન્દ્ર મોદીના પરમ શુભેચ્છક મિત્ર છે, એ તો અડવાણી સહિતના વડાપ્રધાન પદવાંચ્છુઓ પણ સુપેરે જાણે છે. યુવાનોને સંબોધતાં નરેન્દ્ર મોદીએ હુંકાર કર્યો હતો કે હું મારી આ ફોજના બળ પર એકલે હાથે જ ચૂંટણી જીતી લઇશ; મારે મોટા નેતાઓની ફોજ બોલાવવાની જરૂર નહીં પડે. પરંતુ જે પરિસ્થિતિ સરજાવા પામી છે તે સ્પષ્ટ છે : મોદીને જબરી બીક પેસી ગઇ છે. એમને કેશુભાઇ પટેલ એન્ડ કંપની ઉપરાંત સંજય જોષીની અને પ્રવીણ તોગડિયાની બીક છે. આ બધા ભેગા મળી પોતાનુ નાક કાપશે તો ગુજરાત લેતાં હવેલી ખોવાનો વારો આવશે, એની ધાસ્તીને લીધે જ 'સંઘ શરમં ગચ્છામિ' કરવું પડ્યું છે. સંઘના વડાની વગ કેટલી ચાલશે, એ તો સમય જ કહેશે, સંઘ વડા ભાગવતનું માન કદાચ અશોક સિંઘલ જાળવે, બહુ બહુ તો એ તોગડિયાને ઠંડા પાડી શકે, મોદીને દીઠા નહીં ગમતા સંજય જોષીને ગુજરાતમાં આવતાં અટકાવે; પરંતુ હજારો કાર્યકરોની નારાજગી સંઘ કેવી રીતે દૂર કરી શકશે? નરેન્દ્ર મોદીએ એમના એકચક્રી શાસન દરમિયાન કાર્યકરનું વજૂદ સમુળગું નામશેષ કરી દીધું છે. એમણે સંઘના કે વિશ્વ હિંદુ પરિષદના હોદ્દેદારો સાથે સંબંધો જાળવ્યા નથી. કેશુભાઇ પટેલે એક દાયકાના અરણ્યવાસ દરમિયાન પણ એ બધાં સાથેનાં સંબંધો સાચવ્યા છે, એથીસ્તો એ એકલે હાથે ગુજરાત પરિવર્તન પાર્ટીનું વાવાઝોડું ફૂંકી શક્યા છે. સંઘના વડા ભાગવત કે વિશ્વ હિંદુ પરિષદના મોવડી અશોક સિંહલમાં કેશુભાઇને પાછા વાળવાનું કૌવત નથી. એ 'પોઇન્ટ ઓફ નો રિટર્ન' પર પહોંચી ગયા છે. હરદ્વારની પતંજલિ પીઠ છોડીને મોદીની વહારે દોડી આવેલા રામદેવ બાબા પાસે કેશુબાઇની નારાજગી દૂર કરી શકે એવી યોગવિદ્યા નથી. ઘીના ઠામમાં ઘી પડી રહે એવી શક્યતા ખૂબ ઓછી છે, કારણ કે તૂટેલાં મન સાંધ્યાં સંધાતાં નથી!

# પ્રવાસન સ્થળોની જાળવણી આપણી અસ્મિતા, પરંપરા અને સંસ્કૃતિની ઓળખ છે, તેને મૂળ સ્વરૂપે જાળવવી તે પ્રત્યેક પ્રવાસીની પવિત્ર ફરજ છે

## વન્યસૃષ્ટિ પરિચય

### ચાલો...ઈકો ફ્રેન્ડલી પ્રવાસ કરીએ !

- હેમંત સુથાર

દિવાળી અને ઉનાળુ વેકેશન એટલે પ્રવાસની મૌસમ. ચારેય દિશાઓમાંથી પ્રવાસીઓના ચારેય દિશાઓમાં પ્રવાસનો માહોલ. પ્રવાસન સ્થળો મુખ્યત્વે પ્રાકૃતિક સ્થળો જ હોય. ધાર્મિક સ્થળો બીજા ક્રમે આવે. કોઇ ઔદ્યોગિક સ્થળો કે ઘોંઘાટભર્યા શહેરી વિસ્તારોને પ્રવાસ માટે પસંદ કરતાં નથી. દુર્ગમ કુદરતી પ્રવાસન સ્થળોમાં હીલ સ્ટેશનો, દરિયાકાંઠા કે બીચ, નદીઓ, પર્વતો, જંગલો, અભ્યારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાનો માનવ મહેરામણથી કીડીયારાની જેમ ઉભરાવા લાગે છે. એકલા, એકલા, મર્યાદિત પસંદગીના અંતરંગ લોકો સાથે માણવાના સ્થળોએ હજ્જારોના અવાંછિત ટોળાઓ જોવા મળે છે. બધાને ફરવાનો - માણવાનો હક્ક છે પણ કુદરતી સ્થળ કુદરતી રહેતું નથી. મોટા ભાગે દેખાદેખી કે વટ મારવા માટે આવા સ્થળોએ આવનારાઓની સંખ્યા ઘણીબધી હોય છે.

હવે એક નવી માનસિકતા જોવાઇ રહી છે. 'કોઇ ન ગયું હોય ત્યાં જવું' આ પાછળ ફક્ત લોકોને કહેવા થાય કે તમે નથી જોયું પણ અમે જોયું છે, તેટલી જ હોય છે. પરંતુ આ કારણે આપણે તેવા વર્જન સ્થળોને પણ અભડાવી રહ્યા છીએ.

કુદરતી સ્થળોએ જવું, અને પછી ત્યાં રહેવા માટે એ.સી.રૂમ, ટી.વી. ચેનલો, ગરમ પાણી માટેનાં ગીઝરો જેવી આધુનિક સગવડો માંગવી કેટલી હોય છે?

સગવડ માંગવામાં વાંધો નથી પણ આ બધાનું ભારણ આસપાસના કુદરતી સ્થળો પર પડે છે. ટ્રાફિક વધવાથી રસ્તા પહોળા થાય છે, પ્રવાસીઓની સગવડો હોટલો, પાર્કિંગ વગેરે વધારવા વધુ વિસ્તારોની જરૂર પડે છે. તે માટે ડુંગરાઓ, જંગલો, નદીઓને પુરીને દૂર કરીને સગવડો ઊભી કરાય છે.

પ્રાકૃતિક પ્રવાસન સ્થળોએ પણ પિઝ્ઝા, ભાજીપાઉં, ચાઇનીઝ, પંજાબી, ગુજરાતી, મદ્રાસી, કોન્ટીનેન્ટલ ભોજનોની અપેક્ષા રખાય છે. પેકેજ ફુડ્ઝ, આઇસ્ક્રીમ, ઠંડા પીણા, ડીસ્ટીલ બોટલ પાણીની પસંદગી જ હોય છે. આ કારણોથી આવા સ્થળો ગંદકીથી ઉભરાય છે. પ્રાકૃતિક સ્થાનો ઉકરડાથી ઉભરાતાં જાય છે. સ્થાનિક ખોરાકને માણવો અને સ્થાનિક સંસ્કૃતિ, રહેણીકરણીને ઓળખવાની વિચારસરણી આપણામાં હોતી જ નથી.

શું પ્રવાસન સ્થળ અને આપણે રહીએ છીએ ત્યાંની સગવડો, ખાણીપીણી, જોવાલાયક સ્થળો વચ્ચે કોઇ ફરક જ નથી રાખવાનો. પ્રત્યેક સ્થળની વિશિષ્ટતા, સૌંદર્ય, સંસ્કૃતિ, પરંપરા, રહેણીકરણીને જે તે સ્વરૂપે માણીએ જૈવિક કે સાંસ્કૃતિક વિવિધતા મહત્ત્વની નથી, જાળવવાની નથી.

'ઇકો ટુરિઝમ' - પરિસરિય કે પ્રાકૃતિક પ્રવાસનનો મુખ્ય હેતુ કે હાર્દ પ્રત્યેક પ્રવાસી સમજે તે જરૂરી છે. આપણી પાસેના મર્યાદિત કુદરતી સૌંદર્યથી ભરપૂર સ્થળો જે તે સ્થિતિમાં રહે તેજ તેની સાચી ઓળખાય છે. આપણાં હીલ સ્ટેશનોનાં ડુંગરા, જંગલો, હોટલોનાં ક્રોક્રિટ જંગલ બની રહ્યાં છે.

સુંદર મજાની નદીઓ, પ્રવાસીઓનાં કારણે હવે ગટરો બની ગઇ છે. રાષ્ટ્રીય ઉદ્યાનો, અભયારણ્યો કે જંગલોના વન્યજીવો હવે પ્રવાસીઓથી ગભરાતાં નથી. આવા સ્થળોના પ્રવાસીઓનાં ભારતને કારણે વન્યજીવો કાં તો તેવા વિસ્તારો છોડી દે છે અથવા માનવ હાજરીથી ટેવાઇ જઇને તેમની મૂળ 'વાઇલ્ડર નેસ - જંગલીપણું' કે જે ખરેખર તેમની ઓળખ છે. ખાસિયત છે, પ્રકૃતિ છે તેજ ભુલી ગયા છે. સરકસના પ્રાણીઓ અને જંગલના પ્રાણીઓ વચ્ચેનો તફાવત ન સમજતાં પ્રવાસીઓ વન વિસ્તારોમાં પણ તેમનાં ઇચ્છિત સમયે - સ્થળે વાઘ, સિંહ, રીંછ, હાથી જેવા પ્રાણીઓને જોવાની ઇચ્છા રાખે છે.

પ્રાકૃતિક, ધાર્મિક કે અન્ય પ્રકારના પ્રવાસન સ્થળોએ મુલાકાત લેનાર પ્રવાસીઓ ઘણીબધી પુખ્તતા અને સમજદારી ધરાવતાં હોવા જોઇએ. આવા સ્થળોના નીતિનિયમો, શરતો, સૂચનાઓ, કાયદાઓથી તેઓ પરિચિય હોય તે જરૂરી છે. આ બધું જાણવાથી વિશેષ તેનું પાલન કરવું મહત્ત્વનું છે. આવા સ્થળોએ શું કરી શકાય? અને શું ન કરાય? તેટલી સામાન્ય સમજ માટે બહુ બૌધિક હોવું જરૂરી નથી.

ગમે તે સ્થળે ભલે ને આપણું નગર - ગામ - શહેર હોય કે કુદરતી પ્રવાસન સ્થળે પ્લાસ્ટિકની નકામી વસ્તુઓ પેકેઝીંગ, પાણી કે પીણાની બોટલો ખુલ્લામાં ન નંખાય, વાહનોના હોર્ન અને મ્યુઝિક સિસ્ટમ મોટા અવાજે બિનજરૂરી રીતે દેખાડા કે પ્રભાવ પાડવા માટે ન વગાડાય. કુદરતી ચીજ-વસ્તુઓ જેવી કે ફળ, ફૂલ, પાંદડા, ડાળીઓ ન તોડાય. કુદરતી સ્વચ્છ ઝરણાં, નદીઓ, તળાવોમાં ગંદકી ન કરાય. આવા કુદરતી જળસ્ત્રોતોમાં ન્હાવું એ મહાપાપ ગણાય. વન્ય કીટકો, પક્ષીઓ, પ્રાણીઓને ખોરાક નાંખવો, હેરાન કરવા, નકલ કરવી તદ્દન અયોગ્ય છે. આ પ્રકારનું વિવેકપૂર્ણ વર્તન કરી ન શકતી વ્યક્તિઓએ પ્રાકૃતિક પ્રવાસન સ્થળોએ તો ઠીક છે પણ આપણાં રહેણાંક વિસ્તારોમાં પણ રહેવાલાયક નથી.

હવે સમય આવી ચૂક્યો છે કે આવા પ્રાકૃતિક સ્થળો, અભ્યારણ્યો કે રાષ્ટ્રીય ઉદ્યાનો માટે પ્રવાસીઓની સંખ્યાનુ નિયમન કરવામાં આવે. ત્યાં અપાતી રહેઠાણ, ખાણી-પીણી, તથા મુલાકાત સ્થળોનાં ધોરણો પ્રાકૃતિક રક્ષણને ધ્યાનમાં લઇને નિયમ કરવામાં આવે. પ્રવાસીઓને આ માટેની શરતોથી અવગત કરીએને સંમતિ મેળવ્યા બાદ જ લાયક ગણવામાં આવે. આજે રજાઓમાં આવા સ્થળોએ રહેવાની સગવડો ઉપલબ્ધ થવી કઠીન છે, વાહનો પાર્ક કરવા કે ટ્રાફિક જામ થવાની સમસ્યાઓ છે અને જોવાલાયક સ્થળો હવે ગંદકી ટ્રાફિક, પ્રદૂષણની સમસ્યાઓનાં કારણે આનંદદાયક - માણવાલાયક નથી રહ્યા. તેવી સ્થિતિને કારણે આપણે આપણા આવા સ્થળોની સાચી ઓળખ એવા કુદરતી સૌંદર્ય, સ્થાનિક સંસ્કૃતિક અને ખાસ તો આપણો પ્રવાસનો હેતુ ગુમાવી રહ્યા છીએ, આવા સ્થળો હજુ આપણે આપણી આવતી પેઢી માટે જાળવવાનાં છે.

આપણાં તન, મન અને પરિવારની શાંતિ, આનંદ અને જીવંતતા માટેનાં આવા દુર્લભી પ્રવાસન સ્થળોએ ફક્ત ઉપભોગની વસ્તુ નથી. તેના પ્રત્યેની આપણી કોઇ જવાબદારી કે ફરજ નથી તેવું નથી. પ્રવાસન સ્થળોની જાળવણી આપણી અસ્મિતા, પરંપરા અને સંસ્કૃતિની ઓળખ છે. તેને મૂળ સ્વરૂપે જાળવવી તે પ્રત્યેક પ્રવાસીની પવિત્ર ફરજ છે.

## આજના દિવસનો મહિમા


- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૧મી નવેમ્બર**

- ૧૫૧૧ - દરિયાઇ યુદ્ધમાં હિન્દનાં પ્રથમ દારૂગોળો વાળી તોપોનો ઉપયોગ કરનાર મહેમદાવાદ શહેર વસાવનાર અને ગુજરાતમાં ૫૪ વર્ષ રાજ કરનાર મોહંમદ બેગડા (ફતેખાન)નું અવસાન.



- ૧૮૮૮ - પોતાના વિચાર-પ્રચાર, ચિરંજીવી લખાણોથી માત્ર, હિન્દ નહીં પણ ઇજીપ્ત, અફઘાનિસ્તાનની જનતા પર પ્રભાવ પાડનાર, તેજસ્વી સાહિત્યકાર, ૧૮ વર્ષની વયે દેશનાં શરણે પોતાના તન, મન, ધન, સમર્પી દઇને ભારતની સ્વતંત્ર કાજે અવિરત ઝઝૂમનાર, પીઢ મુત્સદ્દી નેતા સ્વતંત્ર ભારતનાં પ્રથમ શિક્ષણમંત્રી, શ્રી મૌલાના અબ્દુલ કલામ આઝાદનો જન્મ.



- ૧૮૫૭ - સ્વતંત્ર સંગ્રામનાં અગ્રણી નેતાઓમાં એક વીર સ્ત્રી સૈનિક, રાણી, લક્ષ્મીબાઇનો જન્મ.

# મુંબઇ ગણોત વહીવટ અને ખેતીની જમીન અંગેનો કાયદો ૧૯૪૮ની કલમ-૮૮ મુજબ સરકારી જમીનો અને બીજી જમીનોને મુક્ત રાખવા બાબત

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

સરકારની માલિકીની અથવા સરકાર પાસેથી પટે ધારણ કરેલી જમીનોને કોઇ સ્થાનિક સત્તામંડળે ધરાયેલી અથવા પેટે ધારણ કરેલી જમીનોને રાજ્ય સરકાર વખતોવખત રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને જે વિસ્તારને ખેતી સિવાયના અથવા ઔદ્યોગિક વિકાસ માટે અનામત રાખેલા વિસ્તાર તરીકે દર્શાવેલ હોય તે સિવાયના વિસ્તારને લાગુ પડે છે.

કોઇ કોર્ટ, ટ્રીબ્યુનલ અથવા બીજા રેવેન્યુ અધિકારીના કોઇ ફેસલાં, હૂકમમાં અથવા હુકમ વિરૂધ્ધનો ગમે તે ભાગ હોવા તે છતાં એવી રીતે ઉમેરેલા વિસ્તારને આ કાયદો લાગુ પડતો નથી.

સને ૧૯૬૪ના ઓક્ટોબર મહિનાની ૨૯મી તારીખ પહેલાં તબદીલ અથવા સંપાદન કરવામાં આવેલી હોય તો તેવી જમીનો આવી તબદીલ અથવા સંપાદન જે વિસ્તારના ભાગને લાગુ પડતો હોય તે વિસ્તારમાં કરવામાં આવ્યા હોય તે રીતે અમલમાં આવશે.

કોર્ટ ઓફ વોર્ડઝની અથવા વાલી અને વોર્ડ અધિનિયમ ૧૯૯૦ મુજબ વાલી તરીકે પોતાના સભાપદ રૂએ નિમેલા અધિકારીના વહીવટ હેઠળની દિવાની મહેસુલી અથવા ફોજદારી કોર્ટો એ પોતે અથવા પોતાના નિમેલા રિસીવરો મારફત કામચલાઉ વહીવટ હેઠળ લીધેલ જમીનોને આ શરત લાગુ પડતી નથી.

ગણોત વહીવટ દાખલ કરવામાં આવેલ હોય તેવી જમીન ગણોતીયાએ ખરીદેલી જમીન ગણાશે આ નિયમ ગણોતધારા કલમ-૩૨ થી ૩૨ - આર ની જોગવાઇને પણ લાગુ પડે છે પરંતુ ચાકરીયાત જમીન હોય તો તેવી વ્યક્તિને મહેંતાણા તરીકે સોંપેલી જમીન સરકારની માલિકીની જમીન ગણાય છે જેનો ઉપયોગ સરકાર ગમે તે હેતુ માટે શકે છે.

ગણોત વહીવટ કલમ-૮૮ (અ) (બ) મુજબ સ્થાનિક સત્તામંડળો, યુનિવર્સિટીઓ અને ટ્રસ્ટોની જમીનોને આ જોગવાઇઓમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

પાણીના કામોનો અભાવ, દિવાલની અથવા ઢોરો માટેના પાણીનાં હવાડા ભરવાની જમીનોને લાગું પડતું નથી. મુંબઇ સાર્વજનિક પબ્લિક ટ્રસ્ટ ૧૯૫૦ હેઠળ નોંધાયેલ ટ્રસ્ટની જમીનને આ જોગવાઇ લાગું પડતી નથી.

મકાન માલિકનું મૃત્યુ થયું હોય, મકાન માલિકના વારસાદારોને ટેનન્સી મુદ્દત પુરી થયાં બાદ ૧૯૭૯ ના. ગ. ધા. કલમ - ૩૩ (૩) બી મુજબ અરજ કરેલ હોય ટેનન્સી રદ કરી શકાય નહીં.

વાર્ષિક ૧૫૦૦ ની ઉપજ આપતી જમીન જે તે વ્યક્તિને પટે આપતી હોય તો આવી જમીન જે તે વ્યક્તિને પટે હોય તો આવી જમીન જોગવાઇઓમાંથી મુક્ત રાખવામાં આવી છે જો કોઇ વ્યક્તિએ પટે આપેલ જમીન પોષણયુક્ત જમીન કરતા વધારે ન હોય અને આવી વ્યક્તિની આવક ૧૫૦૦ વાર્ષિક હોય તો આવી જમીન સરકાર પરત લઇ શકે નહીં પરંતુ આવી જમીનના વારસદારો જમીન માલિકના મૃત્યુ બાદ ગણોત હક્ક ચાલુ રાખી શકશે નહીં.

(અનુસંધાન પાના નં. ૬ પર)